# ગોપનીયતા નીતિ

Oxford University Press ("OUP") તમારી વ્યક્તિગત માહિતીનું રક્ષણ કરવા માટે અને સમગ્ર વિશ્વના ડેટા સંરક્ષણ કાયદાઓને માન આપવા માટે પ્રતિબદ્ધ છે. અમે આ કઈ રીતે કરીએ છીએ અને તે OUP વેબસાઇટો, ઉત્પાદનો અને સેવાઓના તમારા ઉપયોગને કઈ રીતે લાગુ થાય છે તે આ ગોપનીયતા નીતિ વર્ણવે છે.

## અમે તમારી વ્યક્તિગત માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ

અમે OUP ઉત્પાદનો તથા સેવાઓના પ્રચાર માટે તથા તે પ્રદાન કરવા માટે, અમારી વેબસાઇટોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને અમારો વ્યવસાય ચલાવવા માટે વ્યક્તિગત માહિતીનો ઉપયોગ કરીએ છીએ. અમે **આ પેજ** પર અમે એકત્ર કરીએ છીએ તે વ્યક્તિગત માહિતીના વર્ગો, અમે એ વ્યક્તિગત માહિતીની જે વિશિષ્ટ રીતે પ્રક્રિયા કરીએ છીએ, આ કરવા માટે અમને પરવાનગી આપતા કાયદાકીય આધારો અને અમે જેમની સાથે તમારી વ્યક્તિગત માહિતી શેર કરીએ છીએ તે ભાગીદારોના પ્રકારો વિશેની વધુ માહિતી દર્શાવી છે.

તમારી વિનંતી અથવા ઓર્ડર પૂરો કરવા (દા.ત. તમારો ઓર્ડર પૂરો કરવા તમારું સરનામું જાણવા) જેવા અમુક સંજોગોમાં અમે તમારી વ્યક્તિગત માહિતી પૂછી છીએ. જો તમે તે વ્યક્તિગત માહિતી ન આપો, તો અમે તમારી વિનંતી અથવા ઑર્ડર પર પ્રક્રિયા નહીં કરી શકીએ.

## તમારી સંમતિ આપવી તથા પાછી ખેંચી લેવી અને તમારી વ્યક્તિગત માહિતી અપડેટ કરવી

જ્યાં તમારી વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા કરવા માટે અમને તમારી સંમતિની જરૂરે હશે, ત્યારે જે સમયે તમે તમારો ડેટા આપો તે સમયે અમે તમારી સંમતિ માગીશું. તમને કોઈ પણ સમયે તે સંમતિ પાછી ખેંચવાનો અધિકાર છે. તમે કોઈ પણ સમયે તમારી વ્યક્તિગત માહિતી અપડેટ પણ કરી શકશો. જો તમે આ બેમાંથી એક કરવા ઇચ્છતા હો, તો privacy@oup.com પર અમારો સંપર્ક કરો.

અમે તમારી વ્યક્તિગત માહિતી તૃતીય પક્ષોને વેચતા નથી.

## તમારી વ્યક્તિગત માહિતીનો સંગ્રહ કરવો

તમારી વ્યક્તિગત માહિતીનો સંગ્રહ અને તેના પર થતી પ્રક્રિયા, તે જે દેશમાંથી એકત્ર કરવામાં આવી છે તેની બહાર ઉપરાંત, યુરોપિયન ઇકોનોમિક એરિયાની બહાર થાય તેમ બને. EEAમાં અથવા અન્યથા, અન્ય સ્થાને માહિતી સ્થાનાંતરિત કરતી વખતે તમારા વ્યક્તિગત ડેટાના સંરક્ષણ માટે ઉચિત તથા સુયોગ્ય સેફગાર્ડ તથા ટેકનિકલ પગલાં

લેવામાં આવ્યાં હોવાની અમે ખાતરી કરીએ છીએ. આ માટે, અમે યુરોપિયન કમિશન દ્વારા મંજૂર થયેલા માનક કરારસંબંધી કાયદાઓનો ઉપયોગ કરીએ છીએ અથવા અમે અમારા સપ્લાયરો દ્વારા સ્થાપિત યોગ્ય પ્રાઇવસી શીલ્ડ પ્રમાણપત્રનો અથવા બાઇન્ડિંગ કૉર્પોરેટ રૂલ્સનો ઉપયોગ કરીએ છીએ અથવા અમે સમગ્ર વિશ્વમાં કાયદા દ્વારા આવશ્યક હોય તેવા અન્ય સમાન પગલાંનો અમલ કરીએ છીએ. સંબંધિત પ્રક્રિયાની નકલ તમે સમીક્ષા માટે મેળવી શકો છો, જેના માટે અમારા ડેટા પ્રાઇવસી ઑફિસરને privacy@oup.com પર ઇ-મેલ મોકલીને વિનંતી કરી શકાય છે.

અમે જે હેતુથી તમારી વ્યક્તિગત માહિતી એકત્ર કરી હોય તેના માટે વાજબીરૂપે જરૂરી હોય ત્યાં સુધી જ અને રેકોર્ડ રાખવા સંબંધિત કોઈ પણ કાયદાકીય અથવા નિયમનકારી ફરજો પૂરી કરવા માટે અમે તેનો રેકોર્ડ રાખીશું. અમે માર્કેટિંગના હેતુઓ માટે તમારા વ્યક્તિગત ડેટાની પ્રક્રિયા થતી અટકાવવાની વિનંતીઓનો આદર કરીએ છીએ. આમાં તમારી વિનંતીનો હંમેશ માટે રેકોર્ડ રાખવાનો સમાવેશ થાય છે, જેથી અમે ભવિષ્યમાં તમારી વિનંતીનો આદર કરી શકીએ.

## કૂકીઝ

અમે અમારી વેબસાઇટો પર અને અમારી ઍપમાંની તથા અન્ય સૉફ્ટવેરમાંની સમાન ટેકનોલોજીઓમાં કૂકીઝનો ઉપયોગ કરીએ છીએ.  આ તમને કઈ રીતે લાગુ થઈ શકે તે વિશેની વધુ વિગતો માટે, અમારી કૂકી નીતિ જોવા વિનંતી.

## તમારા અધિકારો

તમે વ્યક્તિગત માહિતી ઍક્સેસ કરવાની તથા તેમાં સુધારા કે તેને કાઢી નાખવાની વિનંતી કરવાનો અધિકાર, તમારી વ્યક્તિગત માહિતી પરની પ્રક્રિયા મર્યાદિત કરવાનો અધિકાર અને તમારી વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા થાય તેનો વિરોધ કરવાનો અધિકાર ધરાવો છો. તમે OUPના કાયદેસર હિતના આધાર પર તમારી વ્યક્તિગત માહિતી પર પ્રક્રિયા થાય તેનો વિરોધ કરવાનો અધિકાર ધરાવો છો. તમે અમે તમને ડાયરેક્ટ માર્કેટિંગની સામગ્રી મોકલીએ અને ડાયરેક્ટ માર્કેટિંગના હેતુઓ માટે તમારું પ્રોફાઇલ બનાવીએ તેનો વિરોધ કરવાનો અધિકાર ધરાવો છો. આ ફકરામાં જણાવેલા કોઈ પણ અધિકારના સંબંધમાં અથવા જો તમને આ ગોપનીયતા નીતિ વિશે કોઈ પ્રશ્ન હોય તો, તમે privacy@oup.com પર અમારો સંપર્ક કરી શકશો.  તમે તમારી વ્યક્તિગત માહિતીની અમારા દ્વારા થતી પ્રક્રિયા સંબંધે, તમે જે દેશમાં રહો છો, કામકાજ કરો છો અથવા તમારી માન્યતા અનુસાર જ્યાં ઉલ્લંઘન થયું હોઈ શકે છે તે દેશના ડેટા સંરક્ષણના સુપરવાઇઝરી અધિકારીને ફરિયાદ નોંધાવાનો અધિકાર ધરાવો છો.

## અમારો સંપર્ક કરવો

અન્યથા સૂચવવામાં આવ્યું હોય તે સિવાય, અમારી વેબસાઇટો, ઉત્પાદનો અને સેવાઓના ડેટા નિયંત્રક University of Oxford ના ચાન્સેલર, ગુરુઓ અને વિદ્વાનો છે જે Great Clarendon Street, Oxford OX2 6DP, United Kingdom ખાતેની Oxford University Press તરીકે વ્યવસાય કરે છે.  ઉદાહરણ તરીકે, જો તમે તમારો વ્યક્તિગત ડેટા www.oupe.es

વેબસાઇટ મારફતે આપ્યો હોય, તો ડેટા નિયંત્રક Oxford University Press España S.A છે. જો તમને તમારા ડેટા નિયંત્રક વિશે પૂરતી માહિતી ન હોય અથવા આ નીતિ સંબંધી અન્ય કોઈ પ્રશ્ન હોય, તો OUPના ડેટા પ્રાઇવસી ઑફિસર (ડેટા સંરક્ષણ અધિકારી)નો એ જ સરનામે અથવા privacy@oup.com ઇમેલ દ્વારા સંપર્ક કરી શકાય છે.

## OUP કઈ માહિતી એકત્ર કરે છે?

જ્યારે તમે અમારી પાસેથી સામાન તથા સેવાઓ ખરીદો અને અમારી તથા અમારી વેબસાઇટો સાથે કોઈ વ્યવહાર કરો ત્યારે અમે તમારા વિશેનો વ્યક્તિગત ડેટા એકત્ર કરીએ છીએ અને તેના પર પ્રક્રિયા કરીએ છીએ. આ માહિતીમાં નીચેની બાબતો સમાવિષ્ટ છે:

- તમારું નામ, વપરાશકર્તા નામ અને પાસવર્ડ.
- તમારું રહેણાંકનું અથવા વ્યવસાયનું સરનામું, ઇમેલ સરનામું અને ફોન નંબર.
- બિલિંગ તથા ડિલીવરી સરનામાં અને ક્રેડિટ કાર્ડની વિગતો સહિત, જ્યાંથી તમે અમારી પાસેથી ખરીદી કરો ત્યાંની ચુકવણી તથા ડિલીવરીની વિગતો.
- તમે અમને આપેલી કોઈ પણ સંમતિ સહિત તમારી માર્કેટિંગ પસંદગીઓ.
- અમારી વેબસાઇટોને ઍક્સેસ કરવા માટે તમે ઉપયોગમાં લો તે બ્રાઉઝર અથવા ઉપકરણ સંબંધિત માહિતી.
- OUP સેવાઓના તમારા ઉપયોગના રેકોર્ડ.

## OUP તમારી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરે છે?

અમે તમારી માહિતીનો ઉપયોગ નીચે મુજબ કરીએ છીએ:

- તમારી સાથેના કરારનો અમલ કરવા અથવા આ પહેલાં તમારી વિનંતી અનુસાર પગલાં લેવા:
    - ઑર્ડરો પૂરા કરવા
    - જો તમે માગો તો માહિતી તથા ટેકનિકલ સહાય આપવા
    - સેવાઓમાંના ફેરફારો વિશેની માહિતી બાબતે તમારો સંપર્ક કરવા
    - PCI-સુસંગત ચુકવણી સેવાઓના ઉપયોગ દ્વારા અમારી વેબસાઇટો મારફતે પ્રદાન થતી ક્રેડિટ કાર્ડ વિશેની માહિતીનું નિયમન કરવા
    - સ્પર્ધાઓ મૅનેજ કરવા
    - નોકરી માટેની તમારી અરજીની સમીક્ષા કરવા તથા તેને આગળ વધારવા માટે તમારી માહિતીનો સંગ્રહ કરવા તથા તેનું પૃથક્કરણ કરવા

- OUPની આવશ્યકતા અનુસાર અમારો વ્યવસાય કરવા અને અમારા કાયદેસર હેતુઓ સિદ્ધ કરવા માટે, ખાસ કરીને:
    - તમને તમારી સંસ્થા દ્વારા ઑર્ડર આપવામાં આવ્યો હોય તે ઉત્પાદનો અથવા સેવાઓની ઍક્સેસ આપવા
    - ઉત્પાદન અથવા સેવાની અંદર, તમે એ ઉત્પાદન અથવા સેવાનો કેવી રીતે ઉપયોગ કરો છો તેના આધારે, તમને ભિન્ન સામગ્રી પ્રદાન કરવા
    - તમારી માર્કેટિંગની પસંદગીઓ તથા ડાયરેક્ટ માર્કેટિંગ વિશેના કાયદા અનુસાર, તમને ટપાલ, ઇમેલ અને ફોન દ્વારા OUP ઉત્પાદનો તથા સેવાઓ વિશે માહિતગાર કરવા
    - તમે OUP વેબસાઇટો, ઉત્પાદનો તથા સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરો છો તેના આધારે, અમારા વિચાર મુજબ તમારા માટે રસપ્રદ હોઈ શકે તેવા અન્ય OUP ઉત્પાદનો માટે લક્ષિત જાહેરાતો પ્રદાન કરવા
    - સર્વેક્ષણોના ઉપયોગ સહિત, અમે અમારી સેવા તથા ભવિષ્યના ઉત્પાદનો તથા સેવાઓ બહેતર બનાવી શકીએ તે માટે તમે OUP ઉત્પાદનો તથા સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરો છો તેનું પૃથક્કરણ કરવા
    - OUPની વેબસાઇટો તથા ઇન્ફર્મેશન ટેકનોલોજી સિસ્ટમોની સુરક્ષા અને OUPના અધિકારોનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા

- તમે અમને ક્યાં સંમતિ આપો છો:
    - તમને OUP ઉત્પાદનો તથા સેવાઓ માટે માર્કેટિંગ સામગ્રી મોકલવા માટે જો અમને તમારી સંમતિની જરૂર હોય
    - અમારી કુકી નીતિમાં વર્ણવ્યા અનુસાર તમારા ઉપકરણ(ઉપકરણો)માં કૂકી મૂકવા અને એને સમાન ટેકનોલોજીનો ઉપયોગ કરવા.

- કાયદા દ્વારા આવશ્યક હોય તે હેતુઓ માટે:
    - OUP જેને આધીન છે તે કાયદાકીય ફરજોનું પાલન કરવા માટે તમારી વ્યક્તિગત માહિતી શેર કરવા.

## OUP તમારી માહિતીને કેવી રીતે શેર કરશે?

અમે નિમ્નલિખિત સાથે તમારી વ્યક્તિગત માહિતી શેર કરીએ છીએ

- OUPની અંદર અને ઉપર જણાવ્યા અનુસાર પ્રક્રિયા કરવામાં સામેલ હોય તેવી ગ્રુપ કંપનીઓ
- ઉપરોક્ત હેતુઓ માટે OUP વતી તમારી માહિતી પર પ્રક્રિયા કરનારા તૃતીય પક્ષ સેવા પ્રદાતાઓ - જેમ કે ચુકવણી પ્રક્રિયાકર્તાઓ અથવા ફુલફિલમેન્ટ હાઉસ

- તમે પ્રવેશો તે સ્પર્ધાઓના સહ-પ્રાયોજકો તરીકે ઓળખાયેલા તૃતીય પક્ષો
- OUP જેમના વતી જર્નલ પ્રકાશિત કરે છે, જેનું તમે અથવા તમારી સંસ્થા લવાજમ ભરે છે, તે વિદ્વાન સમાજ
- જેના થકી તમને OUP સેવાઓ માટે ઍક્સેસ મળે છે તે સંસ્થાઓ.

અમે તમારી વ્યક્તિગત માહિતી પણ શેર કરીશું:

- જો અમે માનીએ કે OUPના, અમારા કર્મચારીઓના, અમારા વ્યાપારી ભાગીદારો અથવા અમારા ગ્રાહકોના અધિકારો, સંપત્તિ અથવા સુરક્ષાના રક્ષણ માટે તે જરૂરી છે. આમાં છેતરપિંડી સામે સુરક્ષા મેળવવાના તથા ઉધારનું જોખમ ઘટાડવાના હેતુઓ માટે માહિતી શેર કરવાનો સમાવેશ થાય છે.
- જો કાયદા દ્વારા આવશ્યક હોય, તો સરકારી અધિકારીઓ અને/અથવા કાયદાના અમલદારો સાથે.